સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade A by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,
યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪

નં જોડાણ/પ/૨૬૦૮ /૨૦૨૦ તા. ૮-૧-૨૦૨૦

**વિષય :- ઈસરો એકઝિબીશન ૨૦૨૦ ના આયોજન અંગે.**
**સંદર્ભ :- માન. ડો. મહેન્દ્રભાઈ મુંજપરા , સંસદસભ્યશ્રીના પત્ર નં. સંસદસભ્ય/૫૫૮/૨૦૨૦ તા. ૪-૧-૨૦૨૦ અન્વયે.**

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ભારતના મુર્ધન્ય વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઇની જન્મ શતાબ્દી નિમિતે ઈસરો અમદાવાદ દ્વારા (૧) હળવદના પારંગત કોલેજ, મહર્ષિ ગુરૂકુળ ખાતે તા.૧૭/૧૮ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન અને (૨) સુરેન્દ્રનગર આનંદ ભવન ખાતે તા. ૨૩/૨૪/૨૫ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન ત્રિદીનાત્મક ઈસરો એકઝિબિશન ૨૦૨૦નું આયોજન કરવામાં આવેલ છે. એકઝિબીશનનો સમય સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ નિયત કરવામાં આવેલ છે. અમદાવાદ ઈસરો ખાતેના સ્થાયી પ્રદર્શની તમામ મુખ્ય આકર્ષણોનો વિદ્યાર્થીઓ તથા પ્રજાજનો વિના મુલ્યે ઘર આંગણે લાભ લઇ શકશે. તેમજ યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના વિદ્યાર્થીઓને પ્રાધ્યાપકો મહતમ આ એકઝિબીશનનો લાભ લેવા તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી સંગત પ્રવાહોની કોલેજો પણ આ એકઝિબીશનનો ખાસ લાભ લેવા વિનંતી. જે બાબત ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી થવા વિનંતી કરવામાં આવે છે.

કુલસચિવ

**બિડાણ :- સંદર્ભિતપત્રની નકલ**

પ્રતિ,
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-
૧. માન.કુલપતિશ્રી/ માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-
૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે ...)

REGISTRAR
INWARD DATE
06 JAN 2020
1279
Sau. Uni. Rajkot

Dr Mahendrabhai Munjpara
Member of Parliament
(Lok Sabha) Surendranagar
Parliamentary Standing Committee
Health & Family Welfare

તા:૦૪/૦૧/૨૦૨૦

પત્ર ક્રમાંક નં: સંસદસભ્ય/૫૫૮/૨૦૨૦

વિષય - ઈસરો એક્ઝિબિશન ૨૦૨૦ના આયોજન અંગે

શ્રીમાન,

ભારતના મૂર્ધન્ય વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈની જન્મ શતાબ્દી નિમિત્તે સુરેન્દ્રનગર-મોરબીના લોક પ્રતિનિધિઓ સંસદસભ્યશ્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા અને શ્રી મોહનજીભાઈ કુંડારીયા તથા ધારાસભ્યશ્રી ધનજીભાઈ પટેલ અને પુરુષોત્તમભાઈ સાબરીયાના આમંત્રણને માન આપીને ઈસરો અમદાવાદ દ્વારા (૧) હળવદના પારંગત કોલેજ, મહર્ષિ ગુરુકુળ ખાતે તા. ૧૭/૧૮ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન અને (૨) સુરેન્દ્રનગરના આનંદ ભવન ખાતે તા. ૨૩/૨૪/૨૫ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન ત્રિદિનાત્મક ઈસરો એક્ઝિબિશન ૨૦૨૦નું આયોજન કરવામાં આવશે. અમદાવાદ ઈસરો ખાતેના સ્થાયી પ્રદર્શનીના તમામ મુખ્ય આકર્ષણોનો વિદ્યાર્થીઓ તથા પ્રજાજનો વિના મુલ્યે ઘર આંગણે લાભ લઈ શકશે.

આ આયોજનનો મહત્તમ પ્રમાણમાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો લાભ લઈ શકે તે હેતુથી આપની કચેરી દ્વારા યુનિવર્સીટીની તમામ કોલેજોને યોગ્ય પરિપત્ર દ્વારા જાણ કરશો. ખાસ કરીને વિજ્ઞાન અને ટેક્નોલોજી સંગત પ્રવાહો માટે હાજરી ફરજીયાત કરશો. એક્ઝિબિશનનો સમય સવારે ૧૦.૦૦થી ૫.૦૦નો રહેશે.

પ્રતિ,

(૧) વાઈસ ચાન્સેલરશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
(૨) રજિસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી

કુલપતિ
3480
08 JAN 2020
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

આપનો સ્નેહાધીન,

ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરા

O/C

PVC